Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

વાણિજય વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૦૨૩ થી અમલમાંઆવનાર એકાઉન્ટ ઈન્કલુડીંગ કોસ્ટીંગ વિષયની અભ્યાસ સમિતિની તા.૦૫/૦૮/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ થી (૧) F.Y B.COM. Financial Accountancy (2) S.Y B.COM. Accountancy & Tax (3) S.Y B.COM - Ad.A/C & Auditing-Paper-I & II (Costing) (4) S.Y B.COM - Ad.A/C & Auditing-Paper-II & IV (5) T.Y B.COM - Ad.A/C & Auditing-Paper- IV & VIII પેપરોનાં અભ્યાસક્રમમાં આ સાથે સામેલ મુજબ જરૂરી સુધારા કરેલ છે. જે વાણિજય વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વાણિજય વિદ્યાશાખાવતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૨૦/૦૫/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૫ થી સ્વીકારી મંજૂર કરેલ છે. જેની આથી જાણ કરવામાં આવે છે.

## એકેડેમિક કાઉન્સિલની તા.૨૦/૦૫/૨૦૨૨ની ઠરાવ ક્રમાંકઃ ૧૫

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષીણક વર્ષ ૨૦૨૨–૨૩ થી અમલમાં આવનાર એકાઉન્ટ ઈન્કલુડીંગ કોસ્ટીંગ વિષયની અભ્યાસ સમિતિની તા.૦૫/૦૮/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૨ થી (૧) F.Y B.COM. Financial Accountancy (2) S.Y B.COM. Accountancy & Tax (3) S.Y B.COM - Ad.A/C & Auditing-Paper-I & II (Costing) (4) S.Y B.COM - Ad.A/C & Auditing-Paper-II & IV (5) T.Y B.COM - Ad.A/C & Auditing-Paper- IV & VIII પેપરોનાં અભ્યાસક્રમ જરૂરી સુધારા સાથે વાણિજય વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વાણિજય વિદ્યાશાખાવતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

(બિડાણઃ ઉપર મુજબ)

ક્રમાંક : એસ./પરિપત્ર/એકા.ઈન્ક.કોસ્ટીંગ/સિલેબસ/૧૦૩૫૭/૨૦૨૨
તા. ૨૬–૦૫–૨૦૨૨

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,
૧) વાણિજય વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ,
......આપશ્રીની કોલેજના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.
૨) અધ્યક્ષશ્રી,વાણિજય વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
.....તરફ જાણ તેમજ અમલ સારૂ.

# બોર્ડ ઓફ સ્ટડીઝ એકાઉન્ટ ઈન્કલુડીંગ કોસ્ટીંગ

તા.05-08-2021

તા.05-08-2021 ના રોજ મળેલી ઓફલાઈન સભામાં નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા છે. તે મુજબ અમલ કરવો.

એકેડેમિક કાઉન્સિલ તા. ૨૦/૮-૨૦૨૨
બાબત ...૬... બિડાણ/પરિશિષ્ટ ...૧૧...

## F.Y.B.COM- Financial Accountancy:

(1) ભાગીદારી પેઢીનું કંપનીમાં રૂપાંતર:

(અ) આ પ્રકરણમાં અવાસ્તવિક મિલકતો ભાગીદારોના મૂડીખાતે ઉધારવી.

પરીક્ષામાં વિધાર્થી મા.મિ.નિ.ખાતે લઈ જાય તો માર્કસ આપવા.

(બ) કારીગર અકસ્માત વળતરનો દાવો કંપની ચૂકવે ત્યારે કારીગર વળતર આ ફંડને અસર કરે છે.

* પેઢી હોય તો- કારીગર અકસ્માત ભંડોળ ભાગીદારો વચ્ચે વહેંચાય છે.

* કંપની હોય તો- ચોખ્ખી મિલકતની ગણતરીમાં તે દેવાં તરીકે ગણાશે.

(ક) વિસર્જન ખર્ચ કંપની ભોગવે/ કંપની ચૂકવે તો ભાગીદારી પેઢી -> કંપની ચૂંકવે ત્યારે+વિસર્જન ખર્ચ ખરીદ કિંમતનો ભાગ ગણાશે.

(2) આડતમાલના હિસાબો:

(અ) ગોડાઉન ભાડું આવર્તક ખર્ચ હોય આડતમાલ સ્ટૉકની ગણતરીમાં ધ્યાન લેવો નહિ.

(બ) વચગાળાનો વીમા ખર્ચ આડતિયાના ખર્ચામાં ધ્યાન લેવો.

(3) પાકા સરવૈયાનું માળખું:

અગાઉથી ચૂકવેલા ખર્ચા T.D.S અને લેણદારોને આપેલ એડવાન્સને 'ચાલુ મિલકત' ગણવી.

(4) ભાડેખરીદ પધ્ધતિ:

ગણતરી કોષ્ટક/ પત્રક કોઈપણ રીતે કરી શકાય પરીક્ષામાં બંને રીતે Soluation આપવું. (નોંધ- હપ્તા પધ્ધતિ અભ્યાસક્રમમાં નથી)

## S.Y.B.COM- Accountancy & Tax:

(5) રોકાણોના હિસાબો:

(A.S.13) હિસાબી ધોરણ-13 મુજબ નવી પધ્ધતિથી દાખલા ગણાવવા. ફકત સરેરાશ પધ્ધતિનો ઉપયોગ કરવો. (નોંધ- FIFO/ LIFO ધ્યાનમાં લેવી નહિ.)

(6) ખાતાવાર હિસાબો:

પરચુરણ ખર્ચા ખાતાવારમાં સરખે હિસ્સે ફાળવવા વેચાણના પ્રમાણમાં નહિ.

(7) <u>મૂડી નફો:</u>

પ્રથમ કલમ-54 નો ઉપયોગ કરવો પછી કલમ 54 F લાગુ પાડવી.

(8) <u>શેરનું મૂલ્યાંકન:</u>

ઘસારો અને ઘાલખાધની છેલ્લા વર્ષના નફામાં અસર આપવી.

## S.Y.B.COM- Ad. A/C & Auditing- Paper-I & II (Costing):

(9) <u>એકમ પડતર પધ્ધતિ:</u>

(અ) ટેન્ડરમાં અગાઉના વર્ષનો કોઈ સ્ટૉક ધ્યાનમાં લેવો નહિ કારણકે એ અંદાજીત પડતર છે.

(બ) દાખલામાં કોઈ સૂચના ન આપી હોય તો અર્ધ તૈયાર માલનો સ્ટૉક 'કારખાના પડતર'ના ધોરણે ગણવો.

(ક) પડતરના મૂળતત્વો તરીકે ત્રણ વિગત ધ્યાનમાં લેવી.

(1) પ્રત્યક્ષ માલસામાન

(2) પ્રત્યક્ષ મજૂરી

(3) પ્રત્યક્ષ ખર્ચા

## S.Y.B.COM- Ad. A/C & Auditing- Paper-II & IV:

(10) <u>રિડીમેબલ પ્રેફરન્સ શેર:</u>

(અ) રિડીમેબલ પ્રેફરન્સ શેર ઉપલક ખાતે બાકી લઈ જવી.

(નોંધ- <u>Fund Flow માં બતાવવું નહિ.</u>)

(બ) અનામતોને નીચે મુજબ ઉપયોગ કરવો.

પ્રથમ સામાન્ય અનામત પછી ન.નું.ખાતાની રકમનો ઉપયોગ કરવો ત્યાર પછી જૂનું-નવું જામીનગીરી પ્રીમિયમનો ઉપયોગ કરવો.

(11) <u>લિકવિડેટરના હિસાબો:</u>

(અ) પ્રથમ કામદારોને પૂરેપૂરા ચૂકવવા.

(બ) લિકવિડેટરનું મહેનતાણું સૂચના પ્રમાણે ગણવું. (નોંધ- દાખલામાં સ્પષ્ટ સૂચના આપવી.)

(12) <u>વાર્ષિક હિસાબો:</u>

(અ) પ્રાથમિક ખર્ચા સિવાય બધી જ અવાસ્તવિક મિલકતોને 'અન્ય બિનચાલુ મિલકત' ના મથાળા હેઠળ દર્શાવવી.

(બ) પ્રાથમિક ખર્ચા ન.નું.ખાતા માંથી ઉધારવા.

(13) <u>હિસાબી ગુણોત્તરો:</u>

<u>પ્રવાહી ગુણોત્તરનું સૂત્ર:</u>

$$\frac{\text{ચાલુ મિલકતો- છે.સ્ટૉક- અ.પૂ.ખર્ચા}}{\text{ચાલુ દેવા- બેંક ઓવર ડ્રાફ્ટ- કેશક્રેડિટ}}$$

(14) સંચાલન ગુણોત્તરમાં નાણાંકીય ખર્ચા ધ્યાનમાં લેવા નહિ.

(15) અતિપ્રવાહી ગુણોત્તર / એસિડ ટેસ્ટ ગુણોત્તરમાં ફકત રોકડ અને રોકડ સમાન રકમ લેવી.

(16) <u>રોકડ પ્રવાહ પત્રક:</u>

ચૂકવેલા કરવેરા માંથી <u>કરવેરા રીફંડ મળેલ હોય તો બાદ કરીને ચોખ્ખી કરવેરાની રકમ બાદ કરવી.</u>

ચેરમેન શ્રી,

(સી. એમ. ભાલાળા)